### ખેડામાં પ્રથમ તબક્કાની એકતાયાત્રાનું પ્રસ્થાન દંડક પંકજ દેસાઇએ કરાવ્યું

# સરદાર સાહેબનું દેશ માટેનું યોગદાન વિશ્વ સમક્ષ ઉજાગર થશે: મુખ્ય દંડક

**નવગુજરાત સમય** > નડિયાદ

ખેડા જિલ્લામાં પ્રથમ તબક્કાની એકતાયાત્રાનો ખેડા તાલુકાના ખુમારવાડથી વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈએ અને સાંસદ દેવુસિંહ ચૌહાણે સરદાર એકતાયાત્રા રથનું પ્રસ્થાન કરાવ્યુ હતું.

ખેડા જિલ્લામાં પ્રથમ તબક્કામાં ખેડા અને નડિયાદ પ્રાંત વિસ્તારના છ તાલુકામાં ૧૬૫ ગામોમાં આગામી ૨૯ ઓક્ટોબર સુધી એકતાયાત્રા પરિભ્રમણ કરશે. ગામે ગામ સરદાર સાહેબના વિચારોને જનજન સુધી પહોંચાડશે. આ પ્રસંગે દંડક પંકજ દેસાઈએ જણાવ્યુ હતુ કે, સરદાર સાહેબે વેર-વિખેર થતા ભારતને અખંડિત કરવાનુ કામ, અજોડ કુનેહ, દૃઢ સંકલ્પ શક્તિ અને ત્વરિત નિર્ણય શક્તિથી કર્યું હતું. જેના કારણે જ અખંડ ભારતનું નિર્માણ શક્ય બન્યુ છે. આઝાદીની લડતમાં અનેક ચળવળોનું સફળ નેતૃત્વ પુરૂ પાડી સરદારની બિરૂદ મેળવ્યું હતું. આ સરકારે સાહેબને તેમજ નામી અનામી અનેક વીર શહીદોને રાષ્ટ્ર માટે આપેલા બલિદાનોને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પી છે. આઝાદી પછી દેશનો ખરા અર્થમાં વિકાસ થયો નથી. દેશમાં એકતાને મજબૂત કરવા આ યાત્રાનું આયોજન કરાયું છે.



**પ્રથમ તબક્કામાં જિલ્લાના 165 ગામોમાં એકતાયાત્રા ભ્રમણ કરશે**

પછાત વર્ગોના કલ્યાણ માટે અનેક લોકો કલ્યાણની અને પછાત વર્ગોની યોજનાઓ અમલમાં મૂકી તેઓ સ્વમાનભેર જીવી શકે તે પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. બાળકનો જન્મ થાય ત્યાંથી મૃત્યુ પર્યંત અનેક યોજનાઓ દ્વારા સરકાર જનજનને મદદરૂપ થઈ રહી છે. આ સ્ટેચ્યુ દ્વારા દેશ-વિદેશના નાગરિકો અહીં આવશે. સરદાર સાહેબનું દેશ માટેનું યોગદાન વિશ્વ સમક્ષ ઉજાગર થશે. દેશને અખંડિત રાખવાના સરદાર સાહેબના પ્રયાસને સૌએ ભેગા મળી આગળ લઈ જવાનો છે.

આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણે જણાવ્યુ હતું કે, સરદાર સાહેબને સાચા અર્થમાં શોભે તેવી અંજલી આપીશું. જેની નોંધ વિશ્વને લેવી પડશે. તેઓની દુરંદેશીતાના કારણે આજે આપણે અખંડ ભારતમાં જીવી રહ્યા છીએ. કલેક્ટર આઈ.કે.પટેલે સૌને એકતાના શપથ લેવડાવ્યા હતા. ખુમારવાડ પ્રાથમિક શાળાની વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.